# ડાંગરના પાકમાં આવર્તક પર્ણતલની કથીરી (શીથ માઈટ) અને ગાભમારાની ઈયળનો ઉપદ્રવ

કીટકશાસ્ત્ર વિભાગ, ન.મ.કૃષિ મહાવિદ્યાલય નવસારીની યાદી જણાવેછે કે ડાંગરના પાકમાં આવર્તક પર્ણતલ કથીરી અને ગાભમારાની ઈયળનો ઉપદ્રવ ક્ષમ્યમાત્રા કરતા વધુ જોવા મળેલ છે. આ જીવાતના નિયંત્રણ માટે ખેડુતોને નીચે મુજબના પગલા હાથ ધરવા જણાવવામાં આવે છે.

## આવર્તક પર્ણતલ કથીરી

### નુકશાન

ડાંગરના પાકમાં આવર્તક પર્ણતલ કથીરીના ઉપદ્રવની શરૂઆત આવર્તક પર્ણતલની અંદરની બાજુએ થાય છે. પરિણામે પીલાની ટોચે બહારની બાજુએ લોખંડને કાટ લાગ્યા હોય તેવા કેતપખીરીયા રંગના ડાઘા જોવા મળે છે.જેનાથી ઉપદ્રવની શરૂઆત જાણી શકાય છે. જેના લીધે ખૂબજ આર્થિક નુકશાન થાય છે.

## નિયંત્રણ વ્યવસ્થાપન

આવર્તક પર્ણતલ કથીરીના અસરકારક નિયંત્રણ માટે આપેલ પૈકી કોઈપણ રાસાયપીક દવાનો ઉપયોગ કરવો. પ્રોપરગાઈટ ૫૭ % ઈ.સી. ૨૦ મી.લી., એબામેકટીન ૧.૮ % ઈ.સી. ૨ મી.લી., મિલ્બેમેકટીન ૧ % ઈ. સી. ૫ મી.લી., ડાયફેન્થીયુરોન ૫૦ % ડબલ્યુ. પી. ૧૦ ગ્રામ, સ્પાયરોટેટ્રામેટ ૧૫૦ ઓડી ૨.૫ મી.લી.,ફેનાઝાકવીન ૧૦ % ઈ.સી. ૧૦ મી.લી., ઈથીઓન ૫૦ % ઈ.સી. ૧૦ મી.લી. અથવા કલોરફેનાપાયર ૧૦ % ઈ.સી. ૧૦ મી.લી. ૧૦ લીટર પાણીમાં ભેળવીને આવર્તક પર્ણતલ અને પીલાં/થુંમડાં પૂરેપૂરા ભીંજાય તે રીતે છંટકાવ કરવાથી આ કથીરીના ઉપદ્રવની માત્રા ઘટાડી શકાય છે.

| | |
|---|---|
|  |  |
| ઈંડા | **બચ્ચાં** |
|  |  |
| **પુખ્ત** | **પુખ્ત** |

| |
|---|
|  |
| **નુકસાન** |

## ડાંગરની ગાભમારાની ઈયળ :

**નુકશાન :**

ડાંગરના પાકમાં કંટી નીકળવાના સમયે ગાભમારાની ઈયળ ઉપદ્રવ હોય તો દાણા પોસાતા નથી અને કંટી સુકાઈનેસફેદ થઈ જાય છે. જેને સફેદ કંટી કે વ્હાઈટ ઈયરહેડ તરીકે ઓળખાવામાં આવે છે.

**નિયંત્રણ વ્યવસ્થાપન :**

- ડાંગરની ગાભમારાની ઈયળના નિયંત્રણ માટે ટ્રાએઝોફોસ ૪૦ ટકા ઈસી ૧૨ મી. લી. અથવા કારટેપ હાઈડ્રોકલોરાઈડ ૫૦ ટકા સોલ્યુબલ પાવડર ૧૦ ગ્રામ દવા ૧૦ લીટર પાણીમાં ભેળવીને છંટકાવ કરવો.

| | |
|---|---|
|  |  |
| **ડાંગરમાં ગાભમારાની ઈયળથી થતુ નુકશાન** | **ડાંગરની ગાભમારાની ઈયળનું પુખ્ત કીટક** |